# ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ,અમરેલી

सत्यमेव जयते

કલેકટર કચેરી, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં - ૦૨૭૯૨-૨૩૦૭૩૫, ફેક્સ નં - ૦૨૭૯૨-૨૨૧૬૦૦
ઈ-મેઈલ : dismgmt-amr@gujarat.gov.in

150 YEARS OF CELEBRATING THE MAHATMA


નં.ડીઝા/વશી/કોરોના વાયરસ/૨૯૪/૨૦૨૧ | તા.૦૫/૦૫/૨૦૨૧.

વંચાણે લીધા:-
(૧) મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ,ભારત સરકારશ્રીના પત્ર ક્રમાંક.૪૦-૩/૨૦૨૦-DM-I(A), તા.૨૬/૦૪/૨૦૨૧.
(૨) અત્રેના હુકમ નં.ડીઝા/વશી/કોરોના વાયરસ/૨૧૧/૨૦૨૧, તા.૨૭/૦૪/૨૦૨૧.
(૩) ગૃહ વિભાગ,ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A, તા.૦૪/૦૫/૨૦૨૧.

**વિષય:- નોવેલ કોરોના વાયરસ (COVID-19) અંતર્ગત રાત્રી કર્ફ્યુ અંગેની માર્ગદર્શિકા બાબત.**

## હુકમ :-

૧.૦ હાલ વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ-૧૯ (COVID-19)ને વિશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O) દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે.ભારતમાં પણ કોરોના વાયરસ-૧૯ (COVID-19)ના કેસો વધુ નોંધાયેલ છે.જે અન્વયે ભારત સરકારશ્રી દ્વારા તા.૨૫/૦૩/૨૦૨૦ થી લોકડાઉન જાહેર કરેલ હતું. વંચાણ ક્રમાંક-૧ના ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ દ્વારા તા.૨૬/૦૪/૨૦૨૧ના રોજ બહાર પાડવામાં આવેલ નિર્દેશાનુસાર કોરોના વાયરસ સંક્રમણ અટકાવવા જરૂરી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે.

૨.૦ વંચાણ ક્રમાંક-૨ના અત્રેની કચેરીના હુકમની વિગતે ફક્ત **અમરેલી શહેરમાં** કોરોનાના સંક્રમણને અટકાવવા તા.૨૮/૦૪/૨૦૨૧ થી તા.૦૫/૦૫/૨૦૨૧ સુધી દરરોજ રાત્રીના ૨૦.૦૦ કલાકથી સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રી કર્ફ્યુ લાગુ કરવામાં આવેલ હતું.

૩.૦ વંચાણ ક્રમાંક-૩ના ગૃહ વિભાગ, ગુજરાત સરકારશ્રીના તા.૦૪/૦૫/૨૦૨૧ના જાહેરનામાથી અમરેલી શહેરમાં રાત્રી કર્ફ્યુની મુદત **તા.૦૬/૦૫/૨૦૨૧ના ૨૦.૦૦ કલાકથી તા.૧૨/૦૫/૨૦૨૧ના ૦૬:૦૦ કલાક સુધી** જાહેર કરવામાં આવેલ છે.

૪.૦ ઉક્ત વિગતો ધ્યાને લેતા, વંચાણ ક્રમાંક:૨ના અત્રેની કચેરીના હુકમથી ફક્ત **અમરેલી શહેરમાં** લાગુ કરવામાં આવેલ રાત્રી કર્ફ્યુની **મુદત તા.૦૬/૦૫/૨૦૨૧ના ૨૦.૦૦ કલાકથી તા.૧૨/૦૫/૨૦૨૧ના ૦૬:૦૦ કલાક સુધી** કરવા આથી હુકમ કરવામાં આવે છે.વંચાણ ક્રમાંક:૨ના અત્રેની કચેરીના હુકમની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

DISTRICT MAGISTRATE AMRELI * GUJARAT STATE *

(આયુષ ઓક)
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમરેલી

<u>નકલ રવાના:-</u>

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલી.

(૨) પોલીસ અધિક્ષકશ્રી,અમરેલી.

(૩) ઈન્સીડન્ટ કમાન્ડર -વ- સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી,.............(તમામ)

(૪) નાયબ પોલીસ અધીક્ષકશ્રી (હેડકવાર્ટર),અમરેલી.

(૫) નાયબ માહિતી નિયામકશ્રી,અમરેલી.

૨/- સદરહુ હુકમની સ્થાનિક વર્તમાનપત્રોમાં વિનામૂલ્યે બહોળી પ્રસિદ્ધી કરાવવા સારૂ.

(૬) મામલતદારશ્રી,......................(તમામ)

૨/- સબંધિત તાલુકા હેલ્થ ઓફિસરશ્રી સાથે સંકલનમાં રહીને સદરહુ હુકમની ચૂસ્ત અમલવારી કરવા સારું.

(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી,................(તમામ)
(૮) ચીફ ઓફિસરશ્રી,................(તમામ)
(૯) વેપારી એસોસિએશન (સબંધિત મામલતદારશ્રી મારફત)

} (મામલતદારશ્રી મારફત)